


Scanned with OKEN Scanner

# INDEX


1. INTRODUCTION AND IMPLEMENTATION OF TOTAL QUALITY MANAGEMENT (TQM)
Dr. Amit S. Gamit....................1

2. आधुनिक परिवेश में समाहित मानव
डॉ पी आर लोढिया....................10

3. ઢોડિયા આદિવાસીની અર્થવ્યવસ્થા
પ્રેમિલાબેન બલરામભાઈ ગામીત....................13

4. ૨૧મી સદીમાં ગાંધીજીના સ્વરાજ અને ગ્રામ સ્વરાજ સંબંધી વિચારોની પ્રસ્તુતતા
જાહેદાબાનુ મનસુરી....................16

5. જયંત મહેતાનું ડાયસ્પોરા સાહિત્ય વિશ્વ
ડૉ. નીતુ પી. કનારા....................20

6. IMPACT OF GOODS AND SERVICE TAX (GST) ON INDIAN ECONOMY
Ms Pratikshaben N. Parekh....................22

7. उत्तररामचरिते सुभाषितानि
दक्षाबहन बी. वाघेला....................26

8. ઋગ્વેદમાં નિરૂપિત જીવનબોધ
ડૉ. બી. જી. પટેલ....................29

9. આદિવાસીઓમાં સંગઠનનો પ્રશ્ન
અંજુ ગામીત....................33

10. ભારતમાં ગ્રામીણ વિકાસની યોજના
નયન એમ. સોંદરવા....................34

11. ગુપ્તકાલીન ભારતમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ
લલિત એ. પરમાર....................37

12. A ANALYSIS OF PMMY AND IT'S IMPACT ASSESMENT IN RAJASTHAN
Dr. Lokesh Mali....................39

13. AN ECOCRITICAL READING OF AMITAV GHOSH'S SEA OF POPPIES
Dr. Gitanjali Jaideep Rampal....................44

14. Idiosyncratic Journey of Folklore Research Activities in Saurashtra Region (Gujarat): A Comprehensive Account since its Inception
Viral Shukla....................52

15. TRIBAL WOMEN EDUCATION IN INDIA – OPPORTUNITIES AND CHALLENGES
Dr. Mukesh Gareja....................62

16. Current Educational Challenges and New Education Policy
Ms. Hetalben Vajubhai Makwana....................65



CamScanner

Scanned with OKEN Scanner

17. आहार शैली और जैन धर्म

Sadhvi Priyamvadaji.................................................................................[illegible]

18. ઓલોજિકી વિકાસ અને આરોગ્ય

જ્યોતિ એમ. કુરાડા.................................................................................[illegible]

19. બ્રિટિશ શાસન દરમિયાન ભારતના આર્થિક પ્રદર્શનમાં રેલવેની ભૂમિકા

ઉષાબેન ગઢવી.................................................................................[illegible]

20. આદિવાસી સ્ત્રીઓ અને તેનો દરજ્જો

પંકજભાઈ સોમાભાઈ ચૌધરી.................................................................................[illegible]

21. ઋગ્વેદનાં દાર્શનિક સુક્તો અને સંવાદસુક્તોનું એક તુલનાત્મક અધ્યયન

રશ્મિકાબેન ભીખાભાઈ ભોઈ.................................................................................[illegible]

22. સંચાર માધ્યમો અને તેની અસર

સૌરભકુમાર રણજીતસિંહ વસાવા.................................................................................87

23. કચ્છ જીલ્લામાં લઘુ ઉદ્યોગ

ઉત્તમકુમાર ખીમજીભાઈ જાદવ.................................................................................91

24. બ્રહ્મનું આત્મા સાથે અનુબંધ

મહેન્દ્રભાઈ ઈન્દરભાઈ પવાર.................................................................................94

25. ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના શિક્ષકોની ઈન્ટરનેટ વિષયક જાગૃતિ

પ્રકાશકુમાર બી. મકવાણા.................................................................................96

26. Role of Corporate Social Responsibility in Social Development:

With special reference to Corporate Giants of Southern Rajasthan

Dr. Chitra Shekhawat & Shikha Ojha Nair.................................................................................99

27. WOMEN IN MODERN INDIA

Dr. Anuj Kumar.................................................................................104

28. A STUDY OF THE RESTRENGTHENING OF PUBLIC SECTOR BANKS IN INDIA

DR. BHAVSINH M. DODIA & SHRI VINIT J. VARMA.................................................................................115

29. ભારતીય સમાજ માટે આદર્શ ભગવાન શ્રીરામ

પ્રા. ડૉ. ચેતનાબેન એસ. ચૌહાણ.................................................................................121

30. उत्तराखण्ड राज्य के कुमाऊँ अंचल में प्रचलित बालक्रीड़ाओं के विविध रूप विलुप्ति के कगार पर

डॉ. गिरीश चन्द्र पन्त.................................................................................123

31. Rasa theory: what is, scope and application

Gouravkumar P. Parmar.................................................................................126

32. Applicability of Hind Swaraj in the Twenty-first century

Dr. Heenaba Zala.................................................................................130

33. સોરઠી રૂઢિપ્રયોગો

સાધના આર. ટાંક.................................................................................134

34. દલિત સમાજની વિડંબનાને રજૂ કરતો વાર્તાસંગ્રહ 'મુંઝારો' – દલપત ચૌહાણ

પ્રેમલતા એમ. ચાવડા.................................................................................138


CamScanner

Scanned with OKEN Scanner

International Peer-Reviewed Referred Journal Vol-1 ISSN - 2349 : 4557

# ઔદ્યોગિક વિકાસ અને આરોગ્ય

જ્યોતિ એમ. ફરાડા
આસી.પ્રોફેસર (સમાજશાસ્ત્ર)
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, કાછલ

**પૂર્વભૂમિકા**

ઉદ્યોગોને દેશના અર્થતંત્રનો પાયો છે. પણ જ્યા ઉદ્યોગો હોય ત્યાં પ્રદુષણનો ઉદભવ અવશ્ય થાય જ છે અને જ્યાં પ્રદુષણ હોય ત્યાં આરોગ્યલક્ષી સમસ્યા વધુ જોવા મળે છે. ભારત દેશમાં ગુજરાત રાજ્યનો ઔદ્યોગિક વિકાસમાં બીજો ક્રમ આવે છે. ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામમાં પણ ઔદ્યોગિક વિકાસનો દર ઉત્તરોત્તર વધતો જઈ રહ્યો છે. ઔદ્યોગિક વિકાસની સાથો-સાથ સરીગામના લોકો અનેક ઔદ્યોગિક પ્રદુષણના કારણે ઉદભવતી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. સ્થળાંતરિત વસ્તીવધારાની સમસ્યા, ગંદા વસવાટની સમસ્યા, ગુનાખોરીની સમસ્યા તેમજ આરોગ્યની સમસ્યા.

**અભ્યાસનો હેતુ અને પદ્ધતિશાસ્ત્ર**

પ્રસ્તુત અભ્યાસ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઔદ્યોગિક વિસ્તાર સરીગામને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યો છે. અભ્યાસનો હેતુ અભ્યાસ ક્ષેત્રના લોકો ઔદ્યોગિક પ્રદુષણના કારણે આરોગ્યને લગતી કઈ કઈ સમસ્યાનો સામનો કરી રહ્યા છે તે જાણવાનો હતો. માહિતી એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસ વિસ્તારના ઔદ્યોગિક વિકાસનો પરિચય**

ભારત દેશમા ગુજરાત રાજ્યમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ થયેલ રાજ્ય છે. જે "ઇન્વેસ્ટર ફ્રેન્ડલી" રાજ્ય તરીકે ઓળખાય છે. સાથે-સાથે રાજ્ય વિપુલ માત્રામાં રોકાણને આકર્ષવામાં અગ્રગણ્ય રાજ્ય તરીકે જાણીતું છે. તેમજ ભારતમાં અગત્યનું રોકાણ આકર્ષણનું કેન્દ્રસ્થાન તરીકે ઉભરેલ છે. નવેમ્બર ૨૦૦૭ના અંતે ગુજરાતના સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) બોર્ડ ઓફ એપ્રુવલ વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દિલ્હી દ્વારા મંજુર થયેલ છે. ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ નિગમો ૨૦૬ જેટલા છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, અંકલેશ્વર, અતુલ, વાપી, ઉમરગામ અને સરીગામ વગેરે સ્થળોએ ઔદ્યોગિક વસાહતો આવેલી છે. જેમાં અંકલેશ્વર અને વાપી ઔદ્યોગિક વિસ્તાર માત્ર ગુજરાત રાજ્યમાં કે ભારતમાં જ નહિ પરંતુ સંપૂર્ણ એશિયા ખંડમાં જાણીતું છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ થયેલ જોવા મળે છે. જેમાં વાપી અને અતુલમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ નો વિકાસ થયો છે. તેમજ ઉમરગામ, સરીગામ, ગુંદલાવ જેવા સ્થળોએ પણ વિશાળ પ્રમાણમાં ઔદ્યોગિકીકરણનો વિકાસ થઇ રહ્યુ છે. ૧૯૬૪ સુધી વલસાડ જિલ્લો અલગ અસ્તિત્વ ધરાવતો ન હતો. વલસાડનો આજદિન સુધીનો આધારભૂત મુખ્ય ઉદ્યોગ કાપડ અને રસાયણ છે. કુલ મૂડી રોકાણ અને રોજગારીની દ્રષ્ટીએ આ ઉદ્યોગો અનિવાર્યપણે વલસાડના ઔદ્યોગિક માળખાના નિર્ણાયક ઉદ્યોગ તરીકે રહ્યા છે. પરંતુ થોડા વર્ષો બાદ નવા ઉદ્યોગો તથા પ્રયોજનો જિલ્લાના અર્થકારણમાં ઉમેરાયા છે. અહી ઈજનેરી, રાસાયણિક, દવાદારૂ તથા ટેક્સટાઇલ, મશીનરી, રબર, પ્લાસ્ટિક પ્રોડક્શન, મરીન પ્રોડક્શન વગેરે શરૂ થયા.

વલસાડ જિલ્લામાં સરકારે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જી.આઈ.ડી.સી)ની સ્થાપના ૧૯૬૨ માં કરી. વલસાડનો ઔદ્યોગિક ઇતિહાસ વર્ણવતા હેબન (૧૯૮૫) દર્શાવે છે કે ૧૯મી સદીના પ્રથમ અર્ધસૈકા દરમિયાન વલસાડ જિલ્લામાં વિકાસની પ્રક્રિયા મંદ રહી હતી. ૧૯૫૨માં અતુલ-અતીક સંકુલની સ્થાપના સાથે વિકાસની



Scanned with OKEN Scanner

શરૂઆત થઇ. ૧૯૬૦ બાદ ગુજરાત સરકારે જી.આઇ.ડી.સી થકી વધુ ઔદ્યોગિક વિકાસ માટે પ્રયત્ન આદર્યા હોય જણાય છે.

વલસાડ જિલ્લામાં મુખ્યત્વે કેમિકલમાં ટેક્સટાઇલ તથા પેપર અને પેપર પલ્પના ઉદ્યોગો છે. વર્ષ-૧૯૮૦ ... જિલ્લામાં ટેક્સટાઇલ અને કેમિકલ જેવા મોટા ઉદ્યોગોએ મોટા પ્રમાણમાં રોકાણ અને રોજગારી પૂરી પાડી ... વલસાડમાં કુલ ૩૦૦ જેટલા મધ્યમ અને મોટા ઉદ્યોગો આવેલા છે. જેમાં સૌથી મોટી ઔદ્યોગિક વસાહત વાપી આવેલ છે. ત્યાં એશિયાનું સૌથી મોટું commoneffluent plant આવેલું છે.

આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતમાં વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તાર અને તેમાં ... આદિવાસીઓની સંખ્યા રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વિશેષ છે. વલસાડ જિલ્લામાં ૧૯૮૧ ની વસ્તીગણતરી પ્રમાણે આદિવાસીઓની વસ્તી ૫૪.૫૯% હતી. રાજ્ય સરકારે આદિવાસીઓનો વિકાસ થાય તે હેતુથી સંખ્યાબંધ યોજના અમલમાં મૂકી છે. પછાત વિસ્તારમાં કુલ ૧૪ ઔદ્યોગિક વસાહતો સ્થાપી તે પૈકી ૫૦% જેટલી ... જિલ્લામાં હતી. આ જિલ્લામાં સ્થપાયેલ સઘળી ઔદ્યોગિક વસાહતો આદિવાસી વિસ્તારની વસાહતો ગણાય ... આદિવાસીઓને રોજી-રોટી મળે તથા આર્થિક સામાજિક વિકાસ થાય તે માટેના રાજ્ય સરકારના પ્રયત્નો ... વલસાડ જિલ્લામાં વર્ષ ૧૯૮૩-૮૪માં બીલીમોરામા ૧૩૬ એકમો, નવસારીમાં ૯૪, ઉમરગામમાં ૫૦૨, વલસાડમાં ૧.. વાપીમાં ૭૯૧, પારડી ૪૧, સરીગામમાં ૧૧ એકમો હતાં.

વલસાડ જિલ્લામાં ૨૦૧૦-૨૦૧૧ પ્રમાણે કુલ નોંધણી થયેલા ૨૫૮૬ જેટલા ઉદ્યોગો છે. તથા કુલ ઔદ્યોગિક યુનિટ ૨૯૮૩ છે. નોંધણી થયેલા મધ્યમ અને મોટા ૬૩ ઉદ્યોગો છે. લઘુ ઉદ્યોગોમાં દૈનિક રોજગારી પ્રાપ્ત કરનાર કામદારોની સંખ્યા ૨૮,૦૧૦ જેટલી છે.તેમજ મધ્યમ તથા મોટા ઉદ્યોગોમાં કામ કરનાર કામદારોની સંખ્યા ... જેટલી છે. વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતની સંખ્યા ૭ જેટલી છે. જેમાં વલસાડ, અતુલ, ગુંદલાવ, ઉમરગામ વાપી, સરીગામ અને પારડીનો સમાવેશ થાય છે. ૧૯૮૨ માં ગુજરાત સરકારે સરીગામને ઔદ્યોગિક વિસ્તાર તરીકે જાહેર કર્યું. સરીગામ, વાપી જેવા મોટા ઔદ્યોગિક વિસ્તારો આસ-પાસ હોવાના કારણે તેનો ઔદ્યોગિક વિકાસ વિપુલ પ્રમાણમાં થયેલો જોવા મળે છે. સ્થાપના દરમિયાન સરીગામમાં ૧૧ જેટલા ઔદ્યોગિક એકમો હતાં જે હવે ૨૦૧૧ મુજબ ૪૬૯ જેટલા વધ્યા છે.

સરીગામનો ઔદ્યોગિક વિકાસ દર્શાવતું કોષ્ટક

કોષ્ટક નં – ૬.૧

| વર્ષ | ઉદ્યોગોનીસંખ્યા |
|---|---|
| ૧૯૮૧ | ૧૧ |
| ૧૯૯૧ | ૧૦૬ |
| ૨૦૦૧ | ૪૦૨ |
| ૨૦૧૧ | ૪૬૯ |

(ગ્રામપંચાયત આંકડાકીય માહિતી ૨૦૧૧)

ઉપરોક્ત સરીગામના ઔદ્યોગિક વિકાસના કોષ્ટક અનુસાર સરીગામમાં વર્ષ ૧૯૮૧માં ઉદ્યોગો સ્થપાવાની શરૂઆત થઇ હતી. એ સમય દરમિયાન સરીગામમાં ૧૧ જેટલા ઉદ્યોગો સ્થપાયા. વડીલો પાસેથી મેળવેલ માહિતી અનુસાર આ ઉદ્યોગો વેરાન જગ્યાએ ગામના છેવાડાની જમીનમાં સ્થપાયા હતા. ઉદ્યોગો સ્થાપનાર ઉદ્યોગપતિઓ મુંબઈના હતા. વર્ષ ૧૯૯૧માં ઉદ્યોગોમાં ૯૫ જેટલા ઉદ્યોગોની વૃદ્ધી થઇ. એવી જ રીતે વર્ષ ૨૦૦૧માં કુલ ઉદ્યોગોની સંખ્યા ૪૦૨ અને ૨૦૧૧માં કુલ ઉદ્યોગોની સંખ્યા ૪૬૯ જેટલી છે. આમ ઉદ્યોગોનો સતત વિકાસ થતો ગયો છે. અહીં કેમિકલ, ફાર્માસ્યુટિકલ, રસાયણો, રબર વગેરેના ઉદ્યોગો વધુ જોવા મળે છે.



CamScanner
Scanned with OKEN Scanner

ઔદ્યોગિક વિસ્તારમાં તેલ કંપની આદિવાસીઓને લગતી સમસ્યા

ઔદ્યોગિક વિસ્તારની સાથે પદૂષણના પણ આવી જ વધારો થતો હોય છે અને જ્યાં પદૂષણ હોય ત્યાં આરોગ્યને લગતી ઘણી બધી સમસ્યાઓ હોય છે. આરોગ્ય માનવ જીવન માટે ખૂબજ મહત્વની બાબત છે. ઔદ્યોગિકીકરણ પ્રક્રિયાના પરિણામે વાતાવરણ પ્રદૂષિત બન્યું છે. હવા પ્રદૂષણ, ઘોંઘાટ પ્રદૂષણ, પાણી પ્રદૂષણ વગેરે ઔદ્યોગિકીકરણ પ્રક્રિયાની દેન છે જેના પરિણામે આરોગ્યલક્ષી સમસ્યાઓ વધી છે, લોકોને અનેક બીમારીનો સામનો કરવો પડે છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓને ઔદ્યોગિકીકરણ પ્રક્રિયાના પરિણામે આરોગ્યને લગતી કઈ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે તે નીચેના વિશ્લેષણથી જાણી શકાશે.

ઉદ્યોગોના કારણે બીમારીના ભોગ બનવું પડે છે કે કેમ તેની માહિતી દર્શાવતું કોષ્ટક

કોષ્ટક નં - ૧.૨

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હા | ૧૯૦ | ૮૬.૩૬% |
| ૨ | ના | ૩૦ | ૧૩.૬૪% |
| કુલ | - | ૨૨૦ | ૧૦૦% |

ઉપરના કોષ્ટક મુજબ ૮૬.૩૬% ઉત્તરદાતાઓનું માનવું છે કે ઉદ્યોગો સ્થાપવાથી વિવિધ બીમારીનો ભોગ બનવું પડે છે. જ્યારે ૧૩.૬૪% ઉત્તરદાતા મુજબ બીમારીનું ભોગ બનવું પડતું નથી. ઉદ્યોગો સ્થાપવાથી ઝાડા-ઉલટી, તાવ, મલેરિયા, ચામડીના રોગો, મચ્છરનો ઉપદ્રવ, આંખની તકલીફ, પથરી જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે.

પ્રસ્તુત વિશ્લેષણ મુજબ ઔદ્યોગિકીકરણ પ્રક્રિયાના પરિણામે સ્થાનિક પ્રજા પ્રદૂષણ અને ગંદા વસવાટના કારણે આરોગ્યની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. બહેરા (૨૦૧૫) એ પોતાના અભ્યાસમાં નોંધ્યું છે કે ઔદ્યોગિકીકરણ દ્વારા સ્થાનિક પ્રજા પ્રદૂષણ અને ગંદા વસવાટના કારણે વિવિધ બીમારીનો ભોગ બન્યા છે. તેમનું તારણ પ્રસ્તુત તારણ સાથે સામ્યતા ધરાવે છે.

ઉદ્યોગોમાં આપવામાં આવતી સુવિધા દર્શાવતું કોષ્ટક

કોષ્ટક નં - ૧.૩

| | ઉદ્યોગોમાં સુરક્ષા સુવિધા આપવામાં આવે છે? | | | હા, તો કઈ સુવિધા? | |
|---|---|---|---|---|---|
| વિગત | હા | ના | જાણ નથી | સુરક્ષાના સાધનો | મેડિકલ ચેકઅપ |
| સંખ્યા | ૨૦ | ૧૭૦ | ૩૦ | ૨૦ | ૨૦ |
| ટકા | ૯.૦૯% | ૭૭.૨૭% | ૧૩.૬૩% | ૯.૦૯% | ૯.૦૯% |

ઉપરોક્ત કોષ્ટક અનુસાર ૭૭.૨૭% ઉત્તરદાતાઓ મુજબ કોઈ સુવિધા આપવામાં આવતી નથી જ્યારે ૯.૦૯% ઉત્તરદાતાઓ મુજબ સુરક્ષાના સાધનો તેમજ વર્ષમાં બે વાર મેડિકલ ચેકઅપ કરી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. અહીં મેળવેલ માહિતીથી જાણી શકાય છે કે ઉદ્યોગોમાં કામ કરનાર આદિવાસીઓને પાયાગત સુવિધાઓ આરોગ્યને લગતી સુવિધાઓથી વંચિત રાખવામાં આવે છે.

ઉપરના વિશ્લેષણ મુજબ ઉદ્યોગોમાં સુરક્ષાના સુવિધાથી વંચિત રાખવામાં આવે છે. માત્ર ૯.૦૯% ઉત્તરદાતાઓ મુજબ સુરક્ષાની સુવિધા આપવામાં આવે છે. દેસાઈ (૨૦૦૨) ના પોતાના અભ્યાસમાં આ બાબતની સ્પષ્ટતા કરેલ છે કે આદિવાસીઓને વેતનના અતિરિક્ત કોઈ પણ સગવડ આપવામાં આવતી નથી. પ્રસ્તુત અભ્યાસનું તારણ તેમના તારણથી સુસંગત થાય છે.



CamScanner
Scanned with OKEN Scanner

ઉદ્યોગો દ્વારા સ્થાનિક સમુદાયના હિતાર્થે ઉપલબ્ધ કરાવેલ સુવિધા વિશે માહિતી દર્શાવતું કોષ્ટક

કોષ્ટક નં - ૧.૪

| | સુવિધા ઉપલબ્ધ કરાવે છે? | | હા, તો કઈ સુવિધા? |
|---|---|---|---|
| વિગત | હા | ના | પીવાના પાણીની સુવિધા |
| સંખ્યા | ૬૦ | ૧૬૦ | ૬૦ |
| ટકા | ૨૭.૨૭% | ૭૨.૭૨% | ૨૭.૨૭% |

ઉપરોક્ત કોષ્ટક મુજબ ૨૭.૨૭% ઉત્તરદાતાઓ પ્રમાણે ઉદ્યોગો દ્વારા પીવાના પાણીની સુવિધા કરવામાં આવેલ છે. આ સુવિધા ઉદ્યોગોના અત્યંત નજીક વસવાટ કરતાં ફળિયાઓમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે કારણ કે આ વિસ્તારમાં પીવાનું પાણી અત્યંત પ્રદૂષિત બન્યું છે. અભ્યાસ ક્ષેત્રમાં પીવાના પાણી સમસ્યા જોવા મળે છે.

સારાંશ

ઔદ્યોગિકીકરણ પ્રક્રિયાના પરિણામે સ્થાનિકોને વિવિધ રોગોનો ભોગ બનવું પડે છે. ૮૬.૩૬% ઉત્તરદાતાઓ મુજબ ઔદ્યોગિક પ્રદૂષણના પરિણામે પથરી, તાવ, ઝાડા-ઊલટી, ચામડીના રોગ, આંખની તકલીફ વગેરે બિમારીનું પ્રમાણ વધ્યું છે.

ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતા કેમિકલયુક્ત પાણીના કારણે પાણી પ્રદૂષિત બન્યું છે. તેથી લોકોને ગ્રામપંચાયતમાંથી સસ્તા દરે મળતું પીવાનું શુદ્ધ પાણી ખરીદવું પડે છે. આમ માત્ર ૨૭.૨૭% લોકોને પાણીની સુવિધા આપવામાં આવી છે જ્યારે બાકીના લોકો વેચાતું પાણી પીવે છે. વહેલી સવારે અને રાતે ઉદ્યોગોમાંથી ઝેરી વાયુ છોડવામાં આવતો હોવાથી લોકોના આરોગ્ય ઉપર વિપરીત અસર થાય છે. વૃદ્ધો અને બાળકો બીમારીનો શિકાર બની રહ્યા છે.

ઘણી વાર મોટા ઉદ્યોગોમાં ગેસ લિક થવાથી આસ પાસના ફળિયાના લોકોને વિસ્તાર ખાલી કરાવવામાં આવે છે ત્યારે લોકોને ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. આદિવાસીઓના ઢોર-ઢાંખરો માટે ગૌચરની જગ્યા રહી નથી. પશુઓ પણ કેમિકલયુક્ત પાણી પીને મરી રહ્યાં છે.

ગંદા વસવાટોના કારણે મચ્છરોનું પ્રમાણ વધ્યું છે. મચ્છરોના કારણે મલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોનું પ્રમાણ વધ્યું.

૭૭.૨૭% ઉત્તરદાતાઓ મુજબ ઉદ્યોગોમાં કામ કરતા કામદારોને સેફટીની કોઈ સુવિધા આપવામાં આવતી નથી. તેમજ કામદારો પણ આ બાબત પ્રત્યે જાગૃત નથી.

સંદર્ભસૂચી


(૧) વાર્ષિક વહીવટી અહેવાલ વલસાડ જિલ્લો (૨૦૧૦-૨૦૧૧)

(૨) જિલ્લાની આંકડાકીય રૂપરેખા વલસાડ જિલ્લો (૨૦૧૦-૨૦૧૧)

(૩) વલસાડ ડિસ્ટ્રિક્ટ હેન્ડબુક

(૪) ભારતની વસ્તી ગણતરી (૨૦૧૧)



જ્યોતિ એમ. કુરાડા

આસી.પ્રોફેસર (સમાજશાસ્ત્ર)

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કાછલ




CamScanner

Scanned with OKEN Scanner

# Atmaj

IJOR

# Academic Research Journal

An International Peer-Reviewed Research Journal

ISSN: 2348 - 9456

Impact Factor 5.880



Volume-21, Issue -3, Jan.-June - 2024

Editor-In-Chief

Dr. Dilkhush Patel

CamScanner

Scanned with OKEN Scanner

## Content of the Table



| Sr. No. | Title of the Paper | Author | Page No. |
|---|---|---|---|
| 1 | ભારતીય નવજાગૃતિના જનક રાજા રામમોહન રોય | ડૉ. [illegible] એમ. [illegible] | 1 |
| 2 | મહાભારતમાં નિરૂપિત પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન | ડૉ. [illegible]બેન ચંદુભાઈ [illegible] | 6 |
| 3 | યોગ દ્વારા [illegible] ચેતનાની સ્વસ્થતા પર થતી અસરો | પટેલ ભૂમિકા નરેન્દ્રભાઈ | 11 |
| 4 | આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ અને શિક્ષણ | Dr. JYOTI M. K[illegible] | 17 |
| 5 | હોસ્પિટલના સ્ત્રી કર્મચારીઓનો વ્યાવસાયિક મનોભારનો અભ્યાસ | Dr MEGHANA R PATEL | 22 |
| 6 | ગુજરાતમાં દૂધ ઉત્પાદનના વલણોનો આર્થિક અભ્યાસ | બાભણીયા બાબુભાઈ બી. | 25 |
| 7 | યુવાનો પર સામાજિક મીડિયાની અસર એક અભ્યાસ | ડૉ. રણજીતભાઈ અમનભાઈ ગામીત | 31 |
| 8 | લોકગીતોમાં નારી સંવેદના | ડૉ. નયનાબેન પંડ્યા | 34 |
| 9 | ફૂટબોલ ખેલાડીઓના શરીર દળ આંક પર થતી અસરોનો અભ્યાસ | પ્રકાશ એમ. બેતાણી | 37 |
| 10 | સંસ્કૃત નાટક 'મૃચ્છકટિક' અને ફિલ્મ 'ઉત્સવ'માં પ્રગટતી ભારતીયતા | ડૉ. હીરેન્દ્ર પંડ્યા | 40 |
| 11 | સંશોધક જયેશ ભોગાયતાનું નવલિકા સ્વરૂપક્ષેત્રે પ્રદાન | આશકા દેવમુરારી | 44 |
| 12 | ચક્રિય તાલીમ અને પ્લાયોમેટ્રિક તાલીમ દ્વારા વિદ્યાર્થીઓના પગના વિસ્ફોટક બળ પર થતી અસરોનો અભ્યાસ | રઈશખાન એ. પઠાણ<br>ડૉ. તનવીર શેખ | 50 |
| 13 | યુવાનોમાં રાજકીય નેતાગીરી | ડૉ. સંજય. વી. પટેલ | 54 |
| 14 | ભારતીય જ્ઞાન પ્રણાલી | Dr. Ramjibhai Dhakubhai Khandra | 59 |
| 15 | ટકાઉ વિકાસ અને સમતુલા | ડૉ. જ્યોતિ આર.વિશ્વકર્મા | 61 |
| 16 | ડાંગ જિલ્લાના આદિવાસીઓની લોકકથાઓ | ડૉ.ગુલાબભાઇ જે. વાઘ | 65 |
| 17 | ડાહ્યાભાઇ પટેલ : વ્યક્તિત્વ અને વાઙ્મય | ડૉ. તીર્થંકરદાન રતુદાન રોહડિયા | 71 |
| 18 | પ્રમુખસ્વામી મહારાજની શૈક્ષણિક ફિલસૂફી | ડૉ.પરેશ ગોહેલ | 74 |
| 19 | દાદા મેકરણ અને સામાજિક સમરસતા | મનીષા એમ. પરમાર | 77 |
| 20 | કચ્છ વિસ્તારની માધ્યમિક શાળાની બહેનોના નાડીના ધબકારાનો તુલનાત્મક અભ્યાસ | સવિતા એસ. રાવડિયા | 81 |
| 21 | કૃત્રિમ બુદ્ધિમત્તાની ક્ષમતા પર પ્રકાશ | Dr. Vandana Sharma | 84 |
| 22 | ભારતમાં "વોકલ ફોર લોકલ" ઝુંબેશ અને તેની પ્રગતી | ડૉ. ભાવના બી. ગરેજા | 87 |
| 23 | State of Gujarat's Role in India's Journey Towards $5 Trillion Economy | Pro. Dr. vishva s. garsar | 92 |





CamScanner
Scanned with OKEN Scanner

Volume – 21 Issue – 3, Jan.– June - 2024 ISSN: 2348-9456
Impact Factor: 5.880

# આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ અને શિક્ષણ

Dr. JYOTI M. KURADA
Assistant Professor (Sociology)
Govt. Arts, Commerce and Science College, Khergam

## પ્રસ્તાવના

આધુનિક સમાજમાં પરિવર્તન લાવનાર પરિબળો તરીકે શિક્ષણ, ઔદ્યોગિકીકરણ અને સંચાર-માધ્યમોને મહત્વના ગણાવી શકાય. જેમના થકી વર્તમાન સમાજ વિકાસ સાધી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં મોટા ભાગની આદિવાસી વસ્તી રાજ્યની ઉત્તર-પૂર્વ અને દક્ષિણની સરહદી પટ્ટીમાં વસવાટ કરે છે. ગુજરાતમાં વિભિન્ન ૨૯ આદિવાસી સમુદાયનો સમાવેશ થાય છે. આદિવાસીઓના આર્થિક, શૈક્ષણિક, સામાજિક વગેરે પાસાં તરફ જોઇએ તો વિકાસની દૃષ્ટિએ આદિવાસીઓ અન્ય સમુદાયોની તુલનામાં ઘણા પછાત છે.

આઝાદી પછી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવી છે. તેમના વિકાસ માટે ભારતના બંધારણમાં કેટલીક વિશિષ્ટ જોગવાઇઓ કરવામાં આવી છે. આદિવાસીઓનો આર્થિક વિકાસ થાય અને તેમને રોજગારી માટે સ્થળાંતર ન કરવું પડે માટે આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક એકમો સ્થાપવાની શરૂઆત કરવામાં આવી. આમ, આજે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું તો છે પરંતુ અમુક સ્તર સુધી જ મર્યાદિત જોવા મળે છે. તેમજ ઉદ્યોગો સ્થપાયા હોવા છતા રોજગારી મળતી નથી.

## અભ્યાસનો હેતુ અને પદ્ધતિશાસ્ત્ર

પ્રસ્તુત અભ્યાસ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઔદ્યોગિક વિસ્તાર સરીગામને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યો છે. અભ્યાસનો હેતુ અભ્યાસ ક્ષેત્રનામાં ઔદ્યોગિક વિકાસ સાથે શિક્ષણ શું ભાગ ભજવી રહ્યો છે તે જાણવાનો હતો. માહિતી એકત્રીકરણ માટે નિરીક્ષણ, મુલાકાત અને મુલાકાત અનુસૂચીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## અભ્યાસ વિસ્તારના ઔદ્યોગિક વિકાસ

ભારત દેશમાં ગુજરાત રાજ્યમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ થયેલ રાજ્ય છે. જે 'ઇન્વેસ્ટર ફ્રેન્ડલી' રાજ્ય તરીકે ઓળખાય છે. સાથે-સાથે રાજ્ય વિપુલ માત્રામાં રોકાણને આકર્ષવામાં અગ્રગણ્ય રાજ્ય તરીકે જાણીતું છે. તેમજ ભારતમાં અગત્યનું રોકાણ આકર્ષણનું કેન્દ્રસ્થાન તરીકે ઉદ્ભવેલ છે. નવેમ્બર ૨૦૦૩ના અંતે ગુજરાતના સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) બોર્ડ ઓફ એપ્રુવલ વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દિલ્હી દ્વારા મંજુર થયેલ છે. ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ નિગમો ૨૦૬ જેટલા છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, અંકલેશ્વર, અતુલ, વાપી, ઉમરગામ અને સરીગામ વગેરે સ્થળોએ ઔદ્યોગિક વસાહતો આવેલી છે. જેમાં અંકલેશ્વર અને વાપી ઔદ્યોગિક વિસ્તાર માત્ર ગુજરાત રાજ્યમાં કે ભારતમાં જ નહિ પરંતુ સંપૂર્ણ એશિયા ખંડમાં જાણીતું છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ થયેલ જોવા મળે છે. જેમાં વાપી અને અતુલમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકીકરણ નો વિકાસ થયો છે. તેમજ ઉમરગામ, સરીગામ, ગુંદલાવ જેવા સ્થળોએ પણ વિશાળ પ્રમાણમાં ઔદ્યોગિકીકરણનો વિકાસ થઇ રહ્યું છે. ૧૯૬૪ સુધી વલસાડ જિલ્લો અલગ અસ્તિત્વ ધરાવતો ન હતો. વલસાડનો આજ દિન સુધીનો આધારભૂત મુખ્ય ઉદ્યોગ કાપડ અને રસાયણ છે. કુલ મૂડી રોકાણ અને રોજગારીની દ્રષ્ટીએ આ ઉદ્યોગો અનિવાર્યપણે વલસાડના ઔદ્યોગિક માળખાના નિર્ણાયક ઉદ્યોગ તરીકે રહ્યા છે. પરંતુ થોડા વર્ષો બાદ નવા ઉદ્યોગો તથા પ્રયોજનો જિલ્લાના અર્થકારણમાં ઉમેરાયા છે. અહીં ઈજનેરી, રાસાયણિક, દવાદારૂ તથા ટેકસટાઇલ, હોઝીયરી, રબર, પ્લાસ્ટિક પ્રોડક્શન, મરીન પ્રોડક્શન વગેરે શરૂ થયા.



CamScanner
Scanned with OKEN Scanner

વલસાડ જિલ્લામાં સરકારે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જી.આઈ.ડી.સી.)ની સ્થાપના ૧૯૬૨ માં કરી. વલસાડનો ઔદ્યોગિક વિકાસ અહેવાલ ટેકન (૧૯૮૫) દર્શાવે છે કે ૨૦મી સદીના પ્રથમ અર્ધશતક દરમિયાન વલસાડ જિલ્લામાં વિકાસની પ્રક્રિયા મંદ રહી હતી. ૧૯૫૨માં અતુલ-અતીક સંકુલની સ્થાપના સાથે વિકાસની શરૂઆત થઈ. ૧૯૬૦ બાદ ગુજરાત સરકારે જી.આઈ.ડી.સી. દ્વારા વધુ ઔદ્યોગિક વિકાસ માટે પ્રયત્ન આદર્યો હોવાનું જણાય છે.

વલસાડ જિલ્લામાં મુખ્યત્વે કેમિકલમાં ટેક્સટાઈલ તથા પેપર અને પેપર પલ્પના ઉદ્યોગો છે. વર્ષ ૧૯૮૦ થી જિલ્લામાં ટેક્સટાઈલ અને કેમિકલ જેવા મોટા ઉદ્યોગોએ મોટા પ્રમાણમાં રોકાણ અને રોજગારી પૂરી પાડી છે. વલસાડમાં કુલ ૩૦૦ જેટલા મધ્યમ અને મોટા ઉદ્યોગો આવેલા છે. જેમાં સૌથી મોટી ઔદ્યોગિક વસાહત વાપીમાં આવેલ છે. જ્યાં એશિયાનું સૌથી મોટું common effluent plant આવેલું છે.

આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતમાં વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તાર અને તેમા વસતા આદિવાસીઓની સંખ્યા રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વિશેષ છે. વલસાડ જિલ્લામાં ૧૯૮૧ ની વસ્તીગણતરી પ્રમાણે આદિવાસીઓની વસ્તી ૫૪.૫૯% હતી. રાજ્ય સરકારે આદિવાસીઓનો વિકાસ થાય તે હેતુથી સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકી છે. પછાત વિસ્તારમાં કુલ ૧૪ ઔદ્યોગિક વસાહતો સ્થાપી તે પૈકી ૫૦% જેટલી ફક્ત વલસાડ જિલ્લામાં હતી. આ જિલ્લામાં સ્થપાયેલ સઘળી ઔદ્યોગિક વસાહતો આદિવાસી વિસ્તારની વસાહતો ગણાય છે. આદિવાસીઓને રોજી-રોટી મળે તથા આર્થિક સામાજિક વિકાસ થાય તે માટેના રાજ્ય સરકારના પ્રયત્નો હતાં. વલસાડ જિલ્લામાં વર્ષ ૧૯૮૩-૮૪માં બીલીમોરામાં ૧૩૬ એકમો, નવસારીમાં ૯૪, ઉમરગામમાં ૫૦૨, વલસાડમાં ૧૩૦, વાપીમાં ૭૯૧, પારડી ૪૧, સરીગામમાં ૧૧ એકમો હતાં.

વલસાડ જિલ્લામાં ૨૦૧૦-૨૦૧૧ પ્રમાણે કુલ નોંધણી થયેલા ૨૫૮૬ જેટલા ઉદ્યોગો છે. તથા કુલ ઔદ્યોગિક યુનિટ ૨૯૮૩ છે. નોધણી થયેલા મધ્યમ અને મોટા ૬૩ ઉદ્યોગો છે. લઘુ ઉદ્યોગોમાં દૈનિક રોજગારી પ્રાપ્ત કરનાર કામદારોની સંખ્યા ૨૮,૦૧૦ જેટલી છે. તેમજ મધ્યમ તથા મોટા ઉદ્યોગોમાં કામ કરનાર કામદારોની સંખ્યા ૫૮૬૧ જેટલી છે. વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતની સંખ્યા ૭ જેટલી છે. જેમાં વલસાડ, અતુલ, ગુંદલાવ, ઉમરગામ, વાપી, સરીગામ અને પારડીનો સમાવેશ થાય છે. ૧૯૮૨ માં ગુજરાત સરકારે સરીગામને ઔદ્યોગિક વિસ્તાર તરીકે જાહેર કર્યું. સરીગામ, વાપી જેવા મોટા ઔદ્યોગિક વિસ્તારો આસ-પાસ હોવાના કારણે તેનો ઔદ્યોગિક વિકાસ વિપુલ પ્રમાણમાં થયેલો જોવા મળે છે. સ્થાપના દરમિયાન સરીગામમાં ૧૧ જેટલા ઔદ્યોગિક એકમો હતાં જે હવે ૨૦૧૧ મુજબ ૪૬૯ જેટલા વધ્યા છે.

**અભ્યાસ ક્ષેત્રમાં શિક્ષણ**

સામાજિક સંસ્થાઓમાં શિક્ષણ સંસ્થા એક મહત્વની સામાજિક સંસ્થા છે. શિક્ષણ એ વ્યક્તિને અક્ષરજ્ઞાન એટલે કે લેખન, વાંચન, ગણિત વગેરે કૌશલ્યો શીખવતી તેમજ સમાજની સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મૂલ્યોની વ્યવસ્થાનું નવી પેઢીમાં હસ્તાંતર કરતી સંસ્થા છે.

આધુનિક યુગમાં શિક્ષણ સામાજિક પરિવર્તનનું એક અગત્યનું પરિબળ છે. તેમજ સામાજિક, આર્થિક, રાજકીય સશક્તિકરણનું અગત્યનું સાધન છે. શિક્ષણને સામાજિક ગતિશીલતાનું દ્વાર અને આજીવિકા પૂરી પાડવું સાધન પણ છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં સાક્ષરતા દર ૭૩% છે. તેની સરખામણીમાં ભારતના આદિવાસીઓમાં સાક્ષરતા દર ૫૯% છે. એટલે કે, ભારતમાં આદિવાસીઓમાં સાક્ષરતા દર ઓછો છે. અભ્યાસ વિસ્તારના આદિવાસીમાં કુલ સાક્ષરતા દર ૮૦.૩૬% છે.



CamScanner
Scanned with OKEN Scanner

ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ સામાજિક પરિવર્તનનું એક મહત્વનું પરિબળ છે. જીવનની સફળતાનો એક માર્ગ છે. આદિવાસી સમુદાય સદીઓથી જંગલ તથા પહાડી વિસ્તારમાં વસતો આવ્યો છે અને કહેવાતા સભ્ય સમાજ સાથે નહિવત્ પ્રમાણમાં સંકળાયેલ હતો. તેમની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ પ્રકૃતિ સાથે સંકડાયેલી હતી. શિક્ષણ પ્રત્યેની જાગૃતતા તેમનામાં ખૂબજ ઓછી હતી. પરંતુ ઔદ્યોગિકીકરણ પ્રકિયા બાદ શું પરિવર્તન આવ્યું છે. આ બાબત અને ઉત્તરદાતાના માતા-પિતાની શિક્ષણ અંગેની વિગત જોતા ખ્યાલ આવે છે.

માત્ર ૪.૦૯% ઉત્તરદાતાના માતા-પિતાએ શિક્ષણ મેળવેલ છે એ પણ ફક્ત પ્રાથમિક કક્ષાનું જોવા મળે છે. જ્યારે ૯૫.૯૧% ઉત્તરદાતાના માતા-પિતા નિરક્ષર જોવા મળે છે. જેના કારણે તેમણે ઉદ્યોગોમાં બિનકુશળ કામદાર તેમજ નિમ્ન કક્ષાનું કામ કરવું પડે છે. અહીં સ્પષ્ટ થાય છે કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળતું હતું. તે સમયે એટલી જરૂરિયાત પણ નહતી. પરંતુ હવે જરૂરિયાત વધવાના કારણે શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવી છે અને શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ઉદ્યોગોમાં રોજગારી મેળવવા પણ શિક્ષણની જરૂરિયાત રહેતી હોવાથી નવી પેઢીમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આ તારણ દેસાઇ (૨૦૦૨) ના તારણથી સામ્યતા ધરાવે છે. તેમણે નોંધ્યું છે કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાના કારણે ઉદ્યોગોમાં તેમનું સ્થાન નિમ્ન દરજ્જાનું હતું.

પરંતુ ઔદ્યોગિકીકરણ, સંચાર માધ્યમોનો પ્રચાર અને શહેરીકરણના પરિણામે તેઓ શિક્ષણ પ્રત્યે જાગૃત બન્યા છે. છતાં સમગ્ર રાષ્ટ્રના સરેરાશ કરતાં આજે પણ તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

અભ્યાસ વિસ્તારના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૦.૩૫% છે. નિરક્ષરતાનું પ્રમાણ ૨૦.૪૫%. સાક્ષરતાનું પ્રમાણ ૧૦%, પ્રાથમિક શિક્ષણ મેળવેલ ઉત્તરદાતાનું પ્રમાણ ૩૮.૧૮%, માધ્યમિક શિક્ષણ મેળવેલ ઉત્તરદાતાનું પ્રમાણ ૨૯.૦૯% અને સ્નાતક ઉત્તરદાતાનું પ્રમાણ ૨.૨૭% જોવા મળ્યું છે. ધોડિયા જનજાતિનાં ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૭.૫% અને નિરક્ષરતાનું પ્રમાણ ૧૨.૫% જોવા મળે છે. હળપતિ ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ૭૪% અને નિરક્ષરતાનું પ્રમાણ ૨૬% જોવા મળે છે. વારલીઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૩.૫૪% અને નિરક્ષરતાનું પ્રમાણ ૧૬.૪૬% જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રસ્તુત માહિતીનાં કરેલ વર્ગીકરણ પરથી ફલિત થાય છે કે, આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ઉદ્યોગોમાં તથા અન્ય દરેક ક્ષેત્રમાં શિક્ષણની જરૂરિયાત હોવાથી આદિવાસીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવેલી જોવા મળે છે. ઔદ્યોગિકીકરણ પણ શિક્ષણનું પ્રમાણ વધારવા પાછળનું એક પરિબળ છે. સિંઘ (૨૦૦૬) પણ પોતાના અભ્યાસમાં નોંધે છે કે, આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઔદ્યોગિકીકરણના પરિણામે વધ્યું છે. પ્રસ્તુત અભ્યાસનું તારણ તેમના તારણ સાથે સુસંગતતા ધરાવે છે. વર્તમાનમાં તેમનામાં શિક્ષણનું પ્રમાણ ૭૪% વધ્યું છે; જે નોંધનીય બાબત છે.

૯૦.૪૫% ઉત્તરદાતાઓ પોતાના સંતાનોને ગુજરાતી માધ્યમમાં અને ૯.૫૫% અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવા માંગે છે. અહીં ઉપરોક્ત વિવરણ દ્વારા ફલિત થાય છે કે, આદિવાસીઓ શિક્ષણનું માધ્યમ તરીકે ગુજરાતી વધુ પસંદ કરે છે. અંગ્રેજી માધ્યમોની સ્કૂલો પ્રાઈવેટ હોવાથી ફી ભરી શકવામાં મુશ્કેલી પડે છે. તેથી માત્ર ૯.૫૫% ઉત્તરદાતાઓ કે જેઓની આર્થિક સ્થિતિ સારી હોવાથી અંગ્રેજી માધ્યમમાં સંતાનોને ભણાવવા માંગે છે.

આદિવાસીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવી છે. તેઓ પોતાના સંતાનોને નર્સિંગ, આઈ.ટી.આઈ. બી.એડ. જેવા ઉચ્ચ શિક્ષણ આપવા માંગે છે. સમગ્ર ઉત્તરદાતાઓ મુજબ તેઓ પોતાના સંતાનોને ભણે ત્યાં સુધી ભણાવવા માંગે છે.



CamScanner
Scanned with OKEN Scanner

૯૫% ઉત્તરદાતા પુત્ર-પુત્રી બંનેને શિક્ષણ આપવામાં સમાનતા દાખવે છે. જ્યારે માત્ર ૫%ઉત્તરદાતા પુત્રને વધુ શિક્ષણ આપવા મહત્વ દર્શાવે છે. આદિવાસીઓમાં સ્ત્રી-પુરૂષ સમાનતા જોવા મળે છે. પરંતુ અન્ય સંસ્કૃતિના અસરના પરિણામે પુત્રને વધુ મહત્વ આપવું એ પ્રથા ધીરે ધીરે તેમનામાં ઘર કરી રહી છે.

૧૦૦% ઉત્તરદાતાઓ મુજબ ઉદ્યોગોમાં રોજગારી પ્રાપ્ત કરવા માટે આઈ.ટી.આઈ. કોર્ષ સહાયક બને છે. ૬૮.૮૨% ઉત્તરદાતાઓ મુજબ બી.બી.એ. એમ.બી.એ વગેરે સહાયક બને છે. તેમજ ૯૦.૦૯% ઉત્તરદાતાઓ મુજબ બી.કોમ. અને કોમ્પ્યુટરનું શિક્ષણ સહાયરૂપ બને છે.

ઉપરોક્ત માહિતી ઉપરથી કહી શકાય છે કે, ઉદ્યોગોમાં રોજગારી પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત પડે છે. ઓછા શિક્ષણના પરિણામે અભ્યાસ ક્ષેત્રના આદિવાસીઓ અર્ધકુશળ કારીગર તરીકે કામ કરે છે.

૫૦.૯૧%
અભ્યાસ ક્ષેત્ર સરીગામમાં અધવચ્ચેથી શિક્ષણ છોડનાર લોકોનું પ્રમાણ વધુ જોવા મળે છે. (મોટા ભાગે ઉત્તરદાતાના કુટુંબમાંથી અધવચ્ચેથી શિક્ષણ છોડ્યું છે. જેનું કારણ એક વર્ગમાં નાપાસ થવાથી ૩૫.૭૧% અને ૧૦ માં ધોરણમાં) ૨૩.૨૧%. આર્થિક સ્તિથિ ખરાબ હોવાથી 33.03%. રોજગારી મેળવવા શિક્ષણમાં નિરસતા હોવાથી ૭.૧૪%વગેરે જોવા મળે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી તથા નાપાસ થવાના કારણે ઉદ્યોગોમાં રોજગારી મેળવે છે અને શિક્ષણ અટકાવે છે. નાપાસ થવાથી ફરી પરીક્ષા આપવાનું ટાળે છે તેમજ રોજગારી મેળવવા ઉદ્યોગોમાં જાય છે અને ઉચ્ચ શિક્ષણ મેળવવાથી વંચિત રહે છે.

દુર્ખીમે (૧૯૫૬) ઔદ્યોગિક સમાજમાં શિક્ષણને વ્યવસાયિક ગતિશીલતા માટે સસ્તું માધ્યમ ગણાવ્યું છે. એનો મતલબ એ છે કે શિક્ષણ પછી વ્યવસાયિક ગતિશીલતા ઝડપી પ્રાપ્ત કરી શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં આ જ બાબત ક્ષેત્ર કાર્ય દરમિયાન જોવા મળ્યું છે. પરંપરાગત રીતે જે જનજાતિઓ (વારલી અને હળપતિ) પછાતતા ભોગવતી હતી તે વર્તમાનમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા થકી શિક્ષણ મેળવતી થઈ છે. પરંતુ આ શિક્ષણના માધ્યમને તેઓ રોજગારી મેળવવાના માધ્યમ પુરતું જ સીમિત બનાવી દીધું છે. કેમકે. આ જનજાતિના લોકોને ઉદ્યોગ/વ્યવસાયમાં તક મળ્યેથી તેઓ શિક્ષણ જ છોડી દે છે.

અભ્યાસ ક્ષેત્રના આદિવાસીઓમાં અધવચ્ચેથી શિક્ષણ છોડવાનું પ્રમાણ ૫૦.૯૧% છે. જેનું કારણ ખરાબ આર્થિક સ્થિતિ અને પરીક્ષામાં નાપાસ થવું છે. અહીં એક બાબત નોંધનીય છે કે અભ્યાસ ક્ષેત્રના આદિવાસી વિદ્યાર્થીઓએ ઉદ્યોગોમાં કામ મેળવવા શિક્ષણ છોડી દે છે. તેમના મત મુજબ વધુ શિક્ષણ મેળવ્યા બાદ પણ ઉદ્યોગોમાં કોન્ટ્રાક્ટ લેબર તરીકે જ કામ કરવું પડતું હોઈ તે છે. અને વધુમાં કોઈ પણ ઊંચું સ્થાન મળતું નથી.

આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું હતું. પરંતુ હવે તેઓને શિક્ષણ મહત્વ સમજાયું હોવાથી પોતાના બાળકોને વધુ ને વધુ શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે. ઉદ્યોગોમાં પણ શિક્ષિત લોકોને જ કામ આપવામાં આવતું હોવાથી તેઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી છે.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં વારલી ઉત્તરદાતાઓમાં શિક્ષણનું પ્રમાણ ૮૩.૫૪%, ધોડિયામાં ૮૭.૫% અને હળપતિઓમાં ૭૪% જોવા મળે છે. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધતું દેખાય આવે છે પરંતુ આદિવાસી બાળકો ૧૦-૧૨ ધોરણ સુધીનું મેળવી અધવચ્ચેથી છોડી દે છે જેનું પ્રમાણ વધુ જોવા મળે છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબમાંથી ૫૦.૯૦% લોકોએ અધવચ્ચેથી શિક્ષણ છોડ્યું છે. જેનું મુખ્ય કારણ આર્થિક પરિસ્થિતિ તેમજ ઉદ્યોગોમાં રોજગારી મેળવવાનું આકર્ષણ છે.

અભ્યાસ ક્ષેત્રમાં શિક્ષણનું પ્રમાણ ૮૦% જેટલું છે પરંતુ આદિવાસી બાળકો ૭, ૧૦ કે ૧૨ સુધીનું શિક્ષણ મેળવ્યા બાદ ઉચ્ચ શિક્ષણ મેળવવાના સ્થાને કોન્ટ્રાક્ટ લેબર તરીકે ઉદ્યોગોમાં કામ કરવા જાય છે. તેમના મતે વધુ શિક્ષણ મેળવ્યા બાદ પણ આજ કામ કરવું પડે છે તો વધુ શિક્ષણ મેળવવાના શું ફાયદો?



CamScanner
Scanned with OKEN Scanner

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ હવે પુત્ર-પુત્રી બંનેને શિક્ષણ આપવા માંગે છે અને ભણે ત્યાં સુધી ભણાવવાની ઈચ્છા રાખે છે. દૂર દૂરનાં સ્થળે જઈ શિક્ષણ મેળવતા થયા છે. તેમાં કન્યાઓનો પણ સમાવેશ થઈ જાય છે. શિક્ષણ મેળવવાથી હોશિયાર બને, જાગૃતિ આવે, પગભર બની સારૂ જીવન જીવી શકે તેવું તેઓ માને છે. નોકરી મેળવવા માટે શિક્ષણ મેળવે છે તેવું જાણવા મળ્યું હતું. છોકરીઓને ભણાવવાથી સારૂ ઘર મળે. સામાજિકતા માટે જરૂરી છે તેવું જાણવા મળ્યું. મોટા ભાગે ધંધાકીય શિક્ષણ વધુ પસંદ કરતા જોવા મળ્યા હતા. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સંતાનોને ધંધાકીય શિક્ષણ આપવા માંગે છે.

## સંદર્ભસૂચી


અગ્રવાલ કે.કે (૨૦૦૫) ધોડિયા જનજાતિમાં શૈક્ષણિક ગતિશીલતા-આદિવાસી ગુજરાત વોલ-૧૫.આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ.

પટેલ ગુલાબભાઇ.ડા(૧૯૯૯) ઉદ્યોગિકીકરણથી આદિવાસીઓમાં આવેલું આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક પરીવર્તન, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ.

ભોયે દિપક(૨૦૧૩) ભીલોની સંસ્કૃતિ : સાતત્યતા અને પરિવર્તન. પીએચ .ડી શોધનિબંધ. વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત.

Durkheim, Emile 1956, Education and Sociology. The Free Press, New York.

Behra Prshant(2015) Socio – Economic Impact Of Industrialization And Mining On The Local Population:- A Case Study Of NALCO Industrial Area Koraput. International Journal Of Economic & Management Sciences-june 2015 Vol-4 Issue-8

Kapoor Tushar(2014) Impact Of Industrialization On Tribal Livelihood : A Case Study OfRaurk-Ela. – ethisis.nitrkl.ac.in /6448/1/E-63 pdf

Khosla. R.K(2014) Impact Of Industrialization ON Forest Resources And Tribals In Kor DistStudyOfDamonjodiShodhganga.inflibnet.ac.in/bistream/10603/21724/12-204pdf.

Kapdia & pillai(1972) Industrialization And Rural Society : A Study Of Atul-BulsarRegian.


CamScanner

Scanned with OKEN Scanner